તા- ૧૩/૦૫/૨૦૨૦

'વાર્તા અને બાળગીત મારા સ્વમુખે જ...'

વાર્તા રે વાર્તા... ભાભો ઢોર ચારતા... આ જોડકણું અને આપણે આપણા બાળપણમાં સાંભળેલી અનેક વાર્તાઓ-બાળગીતોના સંસ્મરણો જયારે યાદ કરીએ ત્યારે આપણને વાર્તા કહેનાર આપણા દાદી-દાદા, નાની-નાના કે બાળગીત સંભળાવનાર મમ્મી-પપ્પા કે કોઈક ફોઈ કે માસી આપણી નજર સામે તરવરી ઉઠશે. ખરેખર જેમણે આપણું બાળપણ અનેક વાર્તાઓ-જોડકણાં-બાળગીતો દ્વારા આનંદમયી બનાવી દીધું એ બધાની સાથે આપણી એક આગવી લાગણી જોડાયેલી હોય છે. આ દ્રશ્યની સાથે જયારે અત્યારના બાળકો વિશે વિચારીએ ત્યારે થોડી અતિશયોક્તિ સાથે દુઃખ પણ થાય છે. કારણ આજે વિભક્ત કુટુંબમાં ઉછરતાં  બાળકોના હાથમાં એના મા-બાપો વાર્તાના ઓડિયો  કે વિડિઓ મોબાઈલમાં ચાલુ કરીને આપી દેતા હોય છે. માં ઘર કે નોકરી અને બાપ ધંધામાં વ્યસ્ત હોય છે. બાળક સચવાય છે .

મોબાઈલ/ટેબલેટ/લેપટોપ ના સહારે. બાળકમાં જિજ્ઞાસાવૃત્તિ, કર્તુત્વશક્તિ, કલ્પનાશક્તિ ખીલવવાનું કામ વાર્તા અને બાળગીતો કરે છે. દાદી-દાદા, નાની-નાના કે મમ્મી-પપ્પા દ્વારા પ્રાણ અને ચૈતન્ય શક્તિ સાથે કહેવાયેલી વાર્તા કે બાળગીત બાળકના જીવન વિકાસનો આધાર તો બનીજ રહે છે સાથેજ વાર્તાએ બાળક સાથેના સંવાદનું એક કાયમી માધ્યમ પણ બને છે. 'મૂછાળી માં' - ગિજુભાઈ બધેકા કહે છે કે, "બાળકને વાર્તા સાંભળવાનો અધિકાર છે". તો ચાલો આપણે પણ સંકલ્પ લઈને આપણા બાળકોનો એ અધિકાર એને આપીએ. આપણા સ્વમુખે રોજ એક વાર્તા તથા બાળગીત સંભળાવીએ અને બાળકોને એનું ખરું બાળપણ આપીએ ..!!

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 1 | 3 | 6 | | | | |
| 6 | | | 2 | 5 | | | 9 | |
| | 5 | 3 | | 1 | | | 4 | 2 |
| 5 | | 6 | 4 | | 7 | | | |
| | 4 | | | | | 3 | 2 | 5 |
| 1 | 8 | 2 | 9 | | | | 6 | 4 |
| | | | | | 1 | 9 | | 8 |
| | | | 6 | 7 | 3 | 2 | | |
| 3 | 1 | 5 | | | | | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | | | 8 | 7 | | 6 |
| | | | 9 | 6 | | | 3 | 1 |
| 7 | 4 | 6 | | | | | | 9 |
| | 1 | | | 2 | 9 | | | 8 |
| 2 | 7 | | | 1 | | | 4 | 3 |
| | 8 | 4 | | | 5 | | | |
| 8 | | | | | | 9 | | |
| 9 | | 1 | 7 | | 4 | 3 | | |
| | | | 1 | | | 8 | 6 | |

## ઉખાણું

ઉનાળામાં સૌને ગમતી
શિયાળામાં અણગમતી
પકડો તો પકડાઉં નહીં
તો કહો હું કેમ ઓળખાઉં. ?

## જોડકણા

અટક-મટકની ગાડી બનાવી
મેડક જોડ્યા ચાર.
લાલિયા મોચીએ ચકલો માર્યો
ચકલી વેર વાળવા જાય.

## ક્રિયાકલાપ

| | |
|---|---|
| વર્ણન | ૮૨.૧ બાકસના ખોખાના રમકડા |



# ચિત્ર



# વાર્તા

## એક તમાચો

– નવનીન સેવક

એક મોટા ડૉક્ટર.

ડૉક્ટર ભારે ભલા. ગરીબ લોકો પર ઘણો પ્રેમ રાખે. ગમે તેવું કામ મૂકીને ય કોઈ ગરીબની સેવા કરવા દોડી જાય.

પૈસાવાળા પાસે ઘણા પૈસા લે. પણ એ જ દવા જો ગરીબને આપવાની હોય તો મફતને ભાવે આપે.

પૈસા વગરના બિચારા લોકો બીજું તો કશું આપી શકે નહીં. એટલે ડૉક્ટરને આશીર્વાદ આપે.

એક દિવસ કોઈએ ડૉક્ટરને પૂછ્યું : ડૉક્ટર સાહેબ, તમે ગરીબોની દવા મફત કેમ કરો છો ? બીજા ડૉક્ટરો તો બરાબર કસીને ફી લે છે. ગરીબ કે પૈસાદાર કશું જોતા નથી. બે વરસમાં તો ઘણાય ઘરના બંગલા બંધાવીને બેઠા છે ને તમે દયાનું પૂંછડું કેમ પકડીને બેઠા છો ?

પેલા ભાઈની વાત સાંભળીને ડૉક્ટર હસ્યા.

બે–ત્રણ માણસો ત્યાં બેઠા હતા. એમાંથી એક કહે : કાં ડૉક્ટર, હસ્યા કેમ ?

ડૉક્ટર કહે : મને જૂની વાત યાદ આવી ગઈ એટલે હસવું આવી ગયું.

બધા કહે કે એવું હોય તો અમને ય કહો, અમે પણ હસીશું.

ડૉક્ટર કહે : સાંભળો ત્યારે.

ઘણાં વરસ પહેલાંની વાત છે.

હું તે વખતે તાજો–તાજો જ ડૉક્ટર થયેલો. મારા બાપુજીએ દેવું કરીને મને ભણાવ્યો હતો. મોટામાં મોટી ડિગ્રી મને મળે એટલા માટે પૈસા ખરચવામાં પાછું વાળીને જોયું નહોતું. મારે વધારે ભણવા માટે વિલાયત જવાનું હતું. તે વખતે બાપુજી પાસે પૈસા નહીં એટલે ઘર વેચીને એમણે મને વિલાયત મોકલેલો.

હું વિલાયત ભણી આવ્યો. ઘણો મોટો ડૉક્ટર બનીને પાછો આવ્યો. દેશમાં આવીને દવાખાનું ખોલ્યું એટલે દર્દીઓની લાઈન લાગી.

રૂપિયાની છોળ ઊડવા લાગી. મારું નામ ખૂબ જાણીતું બની ગયું.

એક દિવસ રાતના વખતે હું ઘરની બહાર વરંડામાં એક ખુરશી નાખીને બેઠો હતો. એવામાં જ એક ગામડિયો બંગલામાં ઘૂસી આવ્યો. આવ્યો એવો જ મારા પગમાં પડી ગયો. બે હાથ જોડીને કહે :

ડૉક્ટર સાહેબ, હમણાં ને હમણાં ચાલો મારી સાથે. મારી બૈરી બીમાર પડી ગઈ છે. તમારા વિના એને કોઈ બચાવી શકે એવું નથી.

ગામડિયો ગંદો હતો. એણે મારા પગ પકડયા એથી મારું પાટલૂન મેલું થયું હતું. મેં પગ ખસેડી લઈને કહ્યું : તને કંઈ વિવેકનું ભાન છે કે નહીં ?

ગામડિયો બાઘા જેવો બનીને મારી સામે જોઈ રહ્યો હતો. મેં કહ્યું : શું થયું છે તારી બૈરીને ?

ગામડિયો કહે : એ બેઠી હતી ત્યાંથી એકદમ ગબડી પડી છે. બોલાતું પણ નથી. આપ ઝટ મારી સાથે ચાલો, નહીં તો કોણ જાણે શુંય થશે ?

મેં કહ્યું : તને ખબર છે કે ડૉક્ટરને ઘેર બોલાવવા હોય તો ગાડી લાવવી પડે !

ગામડિયો કહે : ગાડી તો હું હમણાં લઈ આવું છું, સાહેબ. આપ તૈયાર થઈ જાવ.

એમ કહીને એ ઊભો થયો. મેં કહ્યું : મારી ફીનું શું છે ?

ગામડિયાએ ફાળિયાને છેડે બાંધેલા પાંચ રૂપિયા કાઢીને મારા હાથમાં મૂક્યા. કહે : મારી પાસે તો આટલા પૈસા છે સાહેબ. આપ બધા લઈ લો પણ મારી સાથે ચાલો.

મને તે વખતે ખૂબ અભિમાન હતું. મેં પાંચની નોટ ફેંકી દીધી. કહ્યું : તારા જેવા ભિખારીની દવા મારાથી નહીં થાય. હું તો એક વિઝિટના પચ્ચીસ રૂપિયા લઉં છું. એટલા પૈસા હોય તો કહે ને નહીં તો રસ્તો માપ.

ગામડિયો કાલાવાલા કરવા લાગ્યો. મારા પગ પકડીને રડવા લાગ્યો. કહે : વધારે પૈસા ક્યાંથી લાવું, સાહેબ ! અનાજ લાવવા આટલા રાખી મૂક્યા હતા તે આપું છું.

ગામડિયે ઘણી વિનંતી કરી પણ મેં એની એકેય વાત ના સાંભળી તે ના જ સાંભળી.

આવું ચાલતું હતું એવામાં જ અંદરથી મારા બાપુજીએ મારા નામની બૂમ પાડી. હું અંદર ગયો. બાપુજીએ મને જોતાં જ પૂછ્યું : બહાર કોણ રડે છે ?

મેં કહ્યું : એક ગામડિયો આવ્યો છે તે આ બધી ધમાલ કરે છે. જવાનું કહું છું પણ જતો નથી.

બાપુજી કહે : ગામડિયો શું કામ આવ્યો છે ?

મેં કહ્યું : એની પત્ની બીમાર છે એટલે મને તેડી જવા આવ્યો છે.

બાપુજી કહે : તો તું હજી અહીં કેમ ઊભો છે ? ગયો કેમ નથી ?

મેં કહ્યું : જાઉં કેવી રીતે ? દર્દીને જોવા જવાની મારી ફી પચ્ચીસ રૂપિયા છે અને એની પાસે તો પાંચ જ રૂપિયા છે. મેં એને કહી દીધું કે બીજા ડૉક્ટર પાસે જા, પણ માનતો નથી.

હું આમ બોલતો હતો. એવામાં જ બાપુજીનો હાથ ઊંચો થયો ને ફટાક કરતો એક તમાચો એમણે મારા ગાલ ઉપર ફટકારી દીધો.

મારો ગાલ ચમચમી ઊઠ્યો. હું તો આભો બની ગાલ ઉપર હાથ મૂકીને બાપુજીની સામે ફાટી આંખે જોઈ રહ્યો.

બાપુજી લાલ–લાલ આંખો કરીને કહે : નાલાયક પાજી ! આટલા માટે દુઃખ વેઠીને તને ભણાવ્યો હતો ? કોઈ બિચારાનો જીવ જતો હોય તે વખતે ય તું પૈસાનો લોભ છોડી શકતો નથી ?



ડૉક્ટરનો ધંધો તો સેવાનો ધંધો છે. તું ભણીગણીને મોટો ડૉક્ટર થાય, ગરીબોની સેવા કરે એટલા માટે તો મેં ઘરબાર વેચીને તને ભણાવ્યો છે. આવા ગરીબોને તો તારે મફત દવા આપવી જોઈએ. ઉપરથી ફળફળાદિ લાવવાના પૈસા પણ આપવા જોઈએ, એને બદલે તું રાક્ષસ જેવો બની ગયો છે ?

મેં ડરતાં ડરતાં કહ્યું : પણ બાપુજી......

બાપુજી કહે : તારી એક વાત પણ મારે સાંભળવી નથી. મેં તને ભણાવવા માટે જેટલા પૈસા ખરચ્યા છે એ બધા મને આપી દે. હમણાં ને હમણાં મારા ઘરમાંથી નીકળી જા. નહીં તો બીજા ગાલ ઉપર બીજો તમાચો ફટકારી દઈશ !

મેં કહ્યું : બાપુજી, હું આ ગામડિયાની દવા કરવા જાઉં છું. ને હવે કોઈ ગરીબ પાસે પૈસા નહીં લઉં.

બાપુજી રાજી થયા.

તે દિવસથી હું ગરીબોની સેવા કરતો રહું છું. કોઈ વાર મનમાં લોભ જાગે ત્યારે બાપુજીનો તમાચો યાદ આવી જાય છે. અને હાથ ગાલ તરફ વળે છે. બાપુજીના તમાચાએ મારી આંખો ખોલી નાખી છે.

ડૉક્ટર સાહેબે વાત પૂરી કરી.

■

# વિજ્ઞાન પ્રયોગ

## હવામાં લટકતી કાગળની પીન




**સૂચનાઓ :**

- બરણીના ઉપરથી નીચે સુધીના માપની એક દોરી કાપો.
- દોરીના એક છેડા ઉપર કાગળમાં ભરાવવાની યુ-પીન બાંધી દો.
- દોરીના બીજા છેડાને ગુંદરપટ્ટીની મદદથી બરણીની અંદરના તળિયાના ભાગ ઉપર ચોંટાડી દો.
- ગુંદરપટ્ટી અથવા ગુંદરની મદદથી બરણીના ઢાંકણામાં અંદરની બાજુ ચુંબકને ચોંટાડી દો.
- હવે તમારા મિત્રોને બરણીના તળિયામાં પડેલી કાગળ ભરાવવાની યુ-પીનવાળી બરણી બતાવો.
- બરણીને ઢાંકણું ઢાંકી દો અને બરણીને ઊંધી કરી દો જેથી યુપીન દોરીથી લટકતી રહે.
- હવે સાવચેતીથી બરણીને જમણી બાજુથી ઊભી કરી દો જેથી યુ-પીન ઉપર ચુંબકનું ખેંચાણ આવે.

**સારાંશ :**

અહીં કાગળમાં ભરાવવાની યુ-પીન જાણે હવામાં લટકતી હોય તેવું દ્રશ્ય રચાશે. આવું થવાનું મુખ્ય સત્ય એ છે કે દોરી પીનને ચુંબકથી ખેંચાઈને સીધી થતાં રોકી રાખે છે.

**સિદ્ધાંત :**

કાગળમાં ભરાવવાની યુ-પીનો ધાતુની બનેલી હોય છે. જો તમે પીનને ચુંબકની નજીક રાખશો તો તમને અનુભવ થશે કે ચુંબક પીનોને પોતાની તરફ ખેંચે છે જે અદ્રશ્ય બળને ચુંબકીય બળ કહેવામાં આવે છે.



| ગૃહકાર્ય |
| --- |
| https://vimeo.com/showcase/7091191 |
| https://vimeo.com/showcase/7091195 |
| https://vimeo.com/showcase/7091185 |
| https://www.youtube.com/watch?v=eFivMT2GooM&feature=youtu.be |

| રમત |
| --- |
| https://vimeo.com/showcase/7091505 |
| https://vimeo.com/showcase/7091517 |



## મેરા ભારત મહાન.




## -: રામાયણ :-

ભગવાન પરશુરામ શ્રી રામ પર ગુસ્સે શામાટે થયા?

# दुर्लभं भारते जन्म

**સૂર્ય મંદિર, મોઢેરા, ગુજરાત**



મોઢેરાનું આ સૂર્ય મંદિર પુષ્પાવતી નદીના કાંઠે ગુજરાતના મહેસાણા જિલ્લાના મોઢેરા ગામે સ્થિત છે. પાટણથી 30 કિલોમીટર દક્ષિણમાં સ્થિત આ સૂર્ય મંદિર, વિશિષ્ટ સ્થાપત્ય અને કલાનું એક અનોખું ઉદાહરણ છે. મોઢેરા નું આ સૂર્ય મંદિર સોલંકી વંશના રાજા ભીમદેવ પ્રથમ દ્વારા ઈસવીસન ૧૦૨૪ - ૧૦૨૮ દરમિયાન બનાવવામાં આવ્યું હતું.

ઇતિહાસ સાક્ષી છે કે, ગઝનીના મહેમૂદે રાજા ભીમના રાજ્ય પર હુમલો કર્યો, અને લગભગ ૨0,000 સૈનિકોની ટુકડી દ્વારા તેને મોઢેરા ખાતે રોકવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. મંદિરમાં સ્થાપિત એક શિલાલેખની વિગત પરથી આ જ્ઞાત થાય છે.

સ્થાપત્યની દ્રષ્ટિએ આ મંદિર ગુજરાતમાં સોલંકી શૈલીના મંદિરોમાં સર્વોચ્ચ છે. એક જ અક્ષ ઉપર બાંધવામાં આવેલા આ મંદિરમાં મુખ્યત્વે ત્રણ ભાગો છે: (૧) મંદિરનો મુખ્ય ભાગ જેમાં ગર્ભગૃહ અને મંડપનો સમાવેશ થાય છે, (૨) એક અલંકૃત કમાનની સામે બનાવવામાં આવેલ એક અલગ હોલ. છે, અને (૩) પત્થરોથી બનેલું કુંડ (જળાશય), જેમાં ઘણા નાના-નાના નાના કદના મંદિરો બનાવવામાં આવ્યા છે. મંદિરની દિવાલોમાં ૧૨ અલગ અલગ સૂર્ય પ્રતીકો છે જે પ્રત્યેક મહિનામાં સૂર્યના વિવિધ પાસાં દર્શાવે છે. અન્ય આકૃતિઓમાં આઠ દિકલ્પ્સ, વિશ્વકર્મા, વરૂણ, અગ્નિ, ગણેશ, સરસ્વતીનો સમાવેશ થાય છે. સાથેજ વિવિધ જગ્યાએ કોતરેલા શિલ્પોમાં શિવ, બ્રમ્હા અને વિષ્ણુ ઉપરાંત રામાયણ પ્રસંગો દ્રશ્યમાન થાય છે.

અહીં દરવર્ષે ગુજરાતના પર્યટન નિગમ દ્વારા "ઉત્તરાયણ પર્વ" ની ઉજવણી રૂપે જાન્યુઆરીના ત્રીજા અઠવાડિયામાં ઉત્તરાયણ પછી કરવામાં આવે છે, જેમાં ત્રણ દિવસીય શાસ્ત્રીય નૃત્ય મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. શાસ્ત્રીય નૃત્યના સ્વરૂપોને તે જ વાતાવરણમાં પ્રસ્તુત કરવાનો તેનો મૂળ હેતુ છે.

# शरीरमाद्यं खलु धर्मसाधनम् ।।

- પીઠ પર સૂતાં – સૂતાં કરવાનાં આસનો

### સેતુબંધાસન



### પવન મુક્તાસન



### શવાસન



| -: અપેક્ષા રહિત કામ કરવું :- |
|---|

| |
|---|
| શાર્દૂલ શિશુ વિહાર સુરત :- 7818088520<br>શાર્દૂલ શિશુ વિહાર જુનાગઢ :- 9722127743<br>શાર્દૂલ શિશુ વિહાર કર્ણાવતી :- 9904469844<br>શાર્દૂલ શિશુ વિહાર પુણે :- 7249696110 |
| પાછલા ઝરણાંની આવૃત્તિ માટે જાવ<br>http://www.shardul.org/ |
| https://www.facebook.com/Shardul.Official/ |